**0612E1431** Candidate's Seat No :________

**B.A. Semester-1 Examination**
**Elective-I - 101 - Gujarati**
**(ચંદ્રહાસાખ્યાન - પ્રેમાનંદ)**

**Time : 2-30 Hours]** **December–2025** **[Max. Marks : 70**

**સૂચના :** (૧) બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
(૨) દરેક પ્રશ્નનાં ગુણ સમાન છે.

૧ પ્રેમાનંદના જીવનનો પરિચય કરાવી, આખ્યાન સાહિત્ય સ્વરૂપમાં તેમનું પ્રદાન આલેખો. ૧૪

**અથવા**

૧ આખ્યાન સાહિત્ય સ્વરૂપની વિભાવના ચર્ચી, તેની અંતરંગ લાક્ષણિકતાઓનો પરિચય કરાવો. ૧૪

૨ 'ચંદ્રહાસાખ્યાન'ને આધારે પ્રેમાનંદની આખ્યાનકાર તરીકેની સિદ્ધિઓ જણાવો. ૧૪

**અથવા**

૨ 'ચંદ્રહાસાખ્યાન'નું કથાવસ્તુ સવિસ્તાર આલેખો. ૧૪

૩ 'ચંદ્રહાસાખ્યાન'ને આધારે ધૃષ્ટબુદ્ધિ અને વિષયાના પાત્રનો વિગતે પરિચય કરાવો. ૧૪

**અથવા**

૩ 'ચંદ્રહાસાખ્યાન'ને આધારે પ્રેમાનંદની રસનિરૂપણકલાનો પરિચય કરાવો. ૧૪

૪ નીચેના પ્રશ્નોના માગ્યા પ્રમાણે જવાબ લખો.

(૧) જોડણી સુધારો (ગમે તે છ) : ૦૬
આર્શિવાદ, નીયમીત, પ્રતીકૂળ, કીડીયારું, નુકશાન, વીવીધ, ધાર્મીક દીવાળી.

(૨) નીચે આપેલા શબ્દોના પર્યાયવાચી શબ્દ લખો. (ગમે તે ચાર) : ૦૪
ગગન, વન, ભાઈ, સુવાસ, મિત્ર, પંકજ.

(૩) વિરુદ્ધાર્થી શબ્દ આપો. (ગમે તે ચાર) : ૦૪
પ્રાચીન, આસ્તિક, આરોહ, ગરીબ, ભરતી, સ્તુતિ.

૫ નીચેના પ્રશ્નોના ઉત્તર આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધી લખો (ગમે તે સાત) : ૧૪

(૧) પ્રેમાનંદનું મૂળ વતનનું નામ જણાવો.
(અ) વડોદરા (બ) અમદાવાદ (ક) નડિયાદ (ડ) ભરૂચ

(૨) પ્રેમાનંદ કયા યુગના કવિ હતા?
(અ) અર્વાચીન (બ) પ્રાચીન (ક) આધુનિક (ડ) મધ્યકાળ

(૩) પ્રેમાનંદની 'રણયજ્ઞ' કૃતિ કયા ગ્રંથ પર આધારિત છે?
(અ) રામાયણ (બ) મહાભારત (ક) ભાગવત (ડ) શિવપુરાણ

[P.T.O.

(૪) 'આખ્યાન' શબ્દ આપનાર પ્રથમ કવિનું નામ શું છે?

(અ) નરસિંહ (બ) નાકર (ક) ભાલણ (ડ) પ્રેમાનંદ

(૫) નારદજી પાસે ચંદ્રહાસનો મહિમા કહેવાનો આગ્રહ કોણ કરે છે?

(અ) નકુલ (બ) કર્ણ (ક) ભીમ (ડ) અર્જુન

(૬) 'ચંદ્રહાસાખ્યાન'માં સુધાર્મિક રાજા કયા દેશના રાજા હતા?

(અ) અંગદદેશ (બ) કૌંતલદેશ (ક) વિદર્ભદેશ (ડ) પાંચાલદેશ

(૭) બાળક ચંદ્રહાસની કયા પગની કેટલી આંગળી હતી?

(અ) જમણા-છ (બ) જમણા-પાંચ (ક) ડાબા-ચાર (ડ) ડાબા-છ

(૮) 'વિષયા પુત્રીને એ પરણશે, તારો થશે જમાઈ' - આ પંક્તિ કોણ બોલે છે?

(અ) અત્રિઋષિ (બ) ગાલવ-ઋષિ (ક) ગૌતમઋષિ (ડ) વશિષ્ટઋષિ

(૯) પ્રધાન ધૃષ્ટબુદ્ધિના પુત્રનું નામ શું હતું?

(અ) મદન (બ) અંગદ (ક) ચંદ્રહાસ (ડ) વૃષકેતુ

(૧૦) ચંદ્રહાસના જન્મદાતા પિતાનું નામ શું હતું?

(અ) કુલિંદ રાજા (બ) સુધાર્મિક (ક) ધર્મરાજા (ડ) દશરથ રાજા

(૧૧) નીચેનામાંથી 'વિવાહ' શબ્દનો પર્યાયવાચી શબ્દ કયો છે?

(અ) નરેશ (બ) ધરા (ક) સગપણ (ડ) કાયા

(૧૨) નીચેનામાંથી 'ઉદય' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે?

(અ) ધરાળ (બ) અવનતિ (ક) ઓટ (ડ) અસ્ત

---